પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખના ઘર નજીક બનેલા રોડમાં કપચી બહાર આવી

ભાટપુરમાં ૬ મહિનામાં જ RCC રોડ ઉખડી ગયો, ગુણવત્તા સામે સવાલ

પહેલા જ વરસાદમાં રોડની સપાટી ઉખડી, કપચી બહાર આવતાં રાહદારીઓને હાલાકી

(પ્રતિનિધિ) સંખેડા , તા.૮

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ભાટપુર ગામે પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ના ઘર પાસે જ છ મહિના પહેલા બનાવવામાં આવેલા આરસીસી રોડની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. દૂધ ડેરીથી સ્વામિનારાયણ મંદિર સુધી બનાવેલ આ રોડ પહેલા જ વરસાદમાં ઊખડી જતા રોડ પરથી કપચી બહાર નીકળી આવી છે. જેના કારણે રાહદારીઓના પગમાં કપચી વાગવાના બનાવો પણ બની રહ્યા છે.

આ મામલે ગામના જાગૃત નાગરિકોએ કલેક્ટરથી લઈને ગામના તલાટી સુધી લેખિત રજૂઆત કરીને ઉચ્ચ કક્ષાની તપાસની માંગ કરી છે.

શું છે સમગ્ર મામલો? ગામના સ્ટેટ બેંક પાસેથી સ્વામિનારાયણ મંદિર સુધી વર્ષ 2025-26 માં લોકહિતાર્થ રોયલ્ટી ગ્રાન્ટ માંથી આરસીસી રોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ બનાવ્યાના માત્ર 6 મહિનામાં જ રોડની હાલત ખખડધજ થઈ ગઈ છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે રોડ બનાવવામાં સિમેન્ટ હલકી ગુણવત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વરસાદ પડતા જ રોડની સપાટી ઊખડી ગઈ અને રોડ પર ઠેર ઠેર કપચી જોવા મળી રહી છે.

ગ્રામજનોનો રોષ અને રજૂઆત રોડની હલકી કક્ષાની કામગીરીના કારણે રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે હાલાકી પડી રહી છે. બાળકો અને વૃદ્ધોના પગમાં કપચી વાગવાની ફરિયાદો પણ મળી રહી છે. જેમાં માંગ કરવામાં આવી છે કે, ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક તપાસ કરીને કોન્ટ્રાક્ટર તેમજ લાગતા-વળગતા અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. ગ્રામજનોનું કહેવું છે કે "સરકારી ગ્રાન્ટના કરોડો રૂપિયાનો વેડફાટ થયો છે. જવાબદારોને છોડવામાં નહીં આવે."રોડ પાસે લગાવેલ શિલાન્યાસ પાટિયામાં સ્પષ્ટ લખ્યું છે: "ભાટપુર ગામે સ્ટેટ બેંક પાસે આર.સી.સી. રોડનું કામ.

દોઢ વર્ષથી નાસતા ફરતા સાધલીના પૂર્વ તલાટી કમ મંત્રી સુરતથી ઝડપાયા

(પ્રતિનિધિ) શિનોર, તા.૮

સાધલી ગ્રામ પંચાયતના બેંક ખાતામાંથી રૂ.10.20 લાખથી વધુની રકમ પોતાના બેંક ખાતામાં આર.ટી.જી.એસ. મારફતે ટ્રાન્સફર કરી ઉચાપત કરવાના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા સાધલી ગ્રામ પંચાયતના પૂર્વ તલાટી કમ મંત્રી નીતીન જેતાણીને શિનોર પોલીસે સુરતથી ઝડપી પાડ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, સાધલી ગ્રામ પંચાયતના બેંક ઓફ બરોડાના ખાતાના ચેકની રકમ પૈકી રૂ.10,20,856ની રકમ આર.ટી.જી.એસ. મારફતે પોતાના એસબીઆઈ શિનોર ખાતેના ખાતામાં ટ્રાન્સફર કરી ઉચાપત કરવામાં આવી હોવાનો આરોપ છે.

ભારે વરસાદ બાદ નાળાનો ભાગ ધસી પડ્યો, પેરાફિટને પણ નુકસાન

વિંધ્યવાસિની માતાજીના મંદિરની તળેટીમાં બનેલા નાળાની હાલતથી સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) સંખેડા, તા.૮

સંખેડા તાલુકાના આકાખેડા ગામ પાસે આવેલા વિંધ્યવાસીની માતાજીના મંદિરની તળેટીમાં ગત વર્ષે બનાવવામાં આવેલા નાળામાં ભારે વરસાદ બાદ ભૂવો પડતાં કામની ગુણવત્તા સામે પ્રશ્ન સામે પ્રશ્નો ઊભા થયા છે. નાળા ઉપર પડેલા ભૂવાના કારણે તેની પેરાફિટને પણ નુકસાન થયું છે.

આકાખેડા- વેજલિયા રોડ ઉપર આવેલા નાના ડુંગર પર વિંધ્યવાસીની માતાજીનું પ્રસિદ્ધ આકાખેડામાં એક વર્ષ અગાઉ બનેલા નાળામાં ભૂવો પડ્યો. મંદિર આવેલું છે. ડુંગર ઉપર સ્થિત હોવાથી આ મંદિર \'ડુંગરી માતાજી' તરીકે પણ ઓળખાય છે. બંને નવરાત્રી દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં દર્શનાર્થે આવતા હોય છે.

તાજેતરમાં વિસ્તારમાં પડેલા ભારે વરસાદના કારણે નાળામાં પાણીનો જોરદાર પ્રવાહ ફરી વળ્યો હતો. જેના પરિણામે માત્ર એક વર્ષ અગાઉ નિર્માણ પામેલા નાળાના એક ભાગમાં ભૂવો પડી ગયો હતો. ઉપરાંત નાળાની પેરાફિટને પણ નુકસાન પહોંચ્યું છે. એક વર્ષ અગાઉ બનેલા નાળાની આ સ્થિતિ સામે આવતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલે જવાબદાર વિભાગ દ્વારા સ્થળની તપાસ કરી ભૂવો પડવાનું ચોક્કસ કારણ શોધવામાં આવે તેમજ જરૂરી સમારકામની કામગીરી તાત્કાલિક હાથ ધરાય તેવી માંગ ઉઠી છે.

વાઘોડિયા પોલીસે ૬૦૦ કિલો ચોરીના વાયર સાથે ટેમ્પો ઝડપી પાડ્યો

શાંતિનગર રોડ પરથી વીજ વાયર ચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. ૮

વડોદરા ગ્રામ્ય એલસીબી અને વાઘોડિયા પોલીસને મળેલી સંયુક્ત બાતમીના આધારે રવાલ ચોકડી ઉપરથી ચોરીના એલ્યુમિનિયમના વીજ વાયર કટીંગ કરી લઈ જતા ટેમ્પાને ઝડપી પાડ્યો હતો. પોલીસ પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે દસ બાર દિવસ પહેલા શાંતિનગર આજવા રોડ પર વાઘોડિયા જીઈબીના વિજપોલ પરથી કપાયેલા વાયરો એક સફેદ કલરના ટાટા 710 ટેમ્પો GJ-06-B0051 ચોરી કરેલ એલ્યુમિનીયમના વાયરો ભરી વડોદરા થી આજવા થઈ હાલોલ,

ગોધરા તરફ જતો હોવાની બાતમી બાદ એલ.સી.બી. તથા વાઘોડીયા પોલીસ રવાલ ચોકડી ખાતે વોચ ગોઠવી સફેદ કલર નો ટાટા ટેમ્પો આવતા તેને રોડ ની સાઈડ માં લેવાડાવી ડ્રાઈવરને પુછતા તેણે પોતાનુ નામ કિશનલાલ ભેરૂલાલ ગુજજર રહે- દશરથ ચંદુકાકા નગર, તા.જી.વડોદરા જણાવ્યું હતું. ટાટા ટેમ્પોમાં ઢાકેલી તાડપત્રી ઉંચકી જોતા જી.ઈ.બીના એલ્યુમિનીયમના વાયરો ના ગુચળાઓ મળી આવ્યા હતા.

આજોડ ગામની સીમમાં જુગાર ઝડપાયો, ૬ જુગારી પોલીસની ઝપટે

(પ્રતિનિધિ) સાવલી, તા.૮

સાવલીના મંજુસર પોલીસ મથકની હદમાં આવેલ આગળ ગામની સીમમાં કેટલાક લોકો પાના પત્તા નો હાર જીતનો જુગાર રમી રમાડી રહ્યા છે તેવી બાતમીના પગલે મંજુસર પોલીસે દરોડો પાડતા હાજર ગામે આજોડ ગામે આવેલ પાણીની ટાંકીની પાછળ ખુલ્લા મેદાનમાં જાહેરમાં જુગાર રમતા છ ઈસમોને અંગ જડતીમાં 7,130 તેમજ દાવ પર લાગેલ 34 સો રૂપિયા મળી કુલ 10530 રૂપિયા ના મુદ્દા માલ સાથે 6 જુગારીયા ઓ ને ઝડપી પાડ્યા છે. રાકેશભાઈ સોલંકી, ભરતભાઈ માળી, ગોવિંદભાઈ માળી, રસિકભાઈ માળી, અજય કુમાર સોલંકી, પ્રદીપભાઈ માળી તમામ વિરુદ્ધ જુગાર ધારા ની કલમ 12 મુજબ ગુનો નોંધી તપાસ ધરી છે.

પાદરામાં બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા વ્યસનમુક્તિ અભિયાનનો શુભારંભ

(પ્રતિનિધિ) પાદરા, તા. ૮

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, માઉન્ટ આબુના માર્ગદર્શન હેઠળ દાદી પ્રકાશમનીજી ના પાવન સ્મૃતિ દિવસના અનુસંધાને યોજાઈ રહેલા 10 કરોડ પ્રતિજ્ઞા મહાઅભિયાન અંતર્ગત પાદરા બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા વ્યસનમુક્તિ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

પાદરા સ્થિત બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પાદરા પોલીસ સ્ટેશનના અધ્યક્ષસ્થાને વ્યસનમુક્તિ અભિયાનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પાદરા શહેરના અગ્રણીઓ, ગાયત્રી શક્તિપીઠના ટ્રસ્ટી મંડળ ના અધ્યક્ષ જિગ્નેશભાઈ ચોક્સી, યોગ કોચ મેઘાબેન ભરતભાઈ ગાંધી, બી.કે. પ્રકાશભાઈ સહિત પાદરા પોલીસ સ્ટેશનના સ્ટાફ ઉપસ્થિત રહી અભિયાનને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

પાદરા સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બી.કે. સીમાબેન દ્વારા ઉપસ્થિત હાજર રહેલ ૧૩૦ જેટલા ભાઈ-બહેનોને વ્યસનમુક્ત જીવન જીવવા અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સાથે જ વ્યસનથી થતા નુકસાન અને જીવનને નશામુક્ત કેવી રીતે બનાવી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એન્કર બી.કે. પ્રિયંકાબેન દ્વારા વિવિધ ઉદાહરણો આપી વ્યસનથી દૂર રહેવા માટે જાગૃતિ સંદેશ આપવામાં આવ્યો હતો.

સાધલીમાં દશામાંના પર્વ નિમિત્તે 51 મૂર્તિઓનું નિ:શુલ્ક વિતરણ

(પ્રતિનિધિ) શિનોર, તા.૮

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે દશામાંના પર્વ નિમિત્તે ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દાતા શ્રી આશિષ ધોબી અને ચૈતિક પટેલ દ્વારા દશામાંની 51 મૂર્તિઓનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. દશામાંની કૃપા સૌ પર બની રહે અને પરિવારજનોમાં સુખ, શાંતિ તથા સમૃદ્ધિ જળવાઈ રહે તેવી ભાવના સાથે આ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. મૂર્તિ વિતરણ કાર્યક્રમમાં સાધલી ગામ ઉપરાંત આસપાસના અનેક ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

છોટાઉદેપુરમાં રૂ.૨.૯૯ કરોડના ખર્ચે તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ

આધુનિક સુવિધાઓથી સજ્જ ભવનથી ગ્રામજનોને એક જ સ્થળે સેવાઓનો લાભ મળશે

(પ્રતિનિધિ) બોડેલી, તા. ૮

ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા 'કન્સ્ટ્રક્શન ઓફ તાલુકા પંચાયત ઓફિસ બિલ્ડીંગ (સી.ડી.પી.૩)' યોજના હેઠળ રૂ. ૨.૯૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા નવનિર્મિત છોટાઉદેપુર તાલુકા પંચાયત ભવનને જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા અને સાંસદ જશુભાઈ રાઠવાની પ્રેરક ઉપસ્થિતિમાં જનતાની સેવામાં સમર્પિત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા એ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી, સરળ, પારદર્શક અને નાગરિક કેન્દ્રી બને તે દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. છોટાઉદેપુર તાલુકા પંચાયત ભવન રૂ.૨.૯૯ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલું નવું ભવન તમામ સુવિધાઓ, આધુનિક સવલતોથી સજ્જ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે નવ નિર્મિત આધુનિક બિલ્ડીંગ બનવાથી સ્થાનિક ગ્રામીણ પ્રજાજનોને પંચાયતને લગતી તમામ જનકલ્યાણકારી યોજનાઓ, દાખલાઓ અને વહીવટી માર્ગદર્શન એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ બનશે. આનાથી વહીવટી તંત્ર અને નાગરિકો વચ્ચેનું સંકલન વધુ સુદ્રઢ બનશે અને આ વિસ્તારના સર્વાંગી વિકાસને નવી ઊંચાઈ પ્રાપ્ત થશે.

રેતીના વોશિંગ પ્લાન્ટ નજીક રસ્તા પર કાદવ-માટી પથરાતા અકસ્માતનો ભય

બોડેલી નજીક કડીલા-પીઠા હાઈવે રોડ પર માટીના થરથી વાહનચાલકો પરેશાન

(પ્રતિનિધિ) બોડેલી, તા.૮

બોડેલી તાલુકાના કડીલાથી પીઠા તરફ જતા માર્ગ ઉપર કેટલાક વિસ્તારોમાં માટી અને કાદવના થર પથરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને રેતીના વોશિંગ પ્લાન્ટ નજીક રસ્તા ઉપર ભીની માટીના થર જોવા મળતા સમગ્ર માર્ગ પર અવરજવર જોખમી બની હોવાનું વાહન ચાલકો જણાવી રહ્યા છે. વોશિંગ પ્લાન્ટમાંથી નીકળતા વાહનોના કારણે રસ્તા પર માટી-કાદવ આવતો હોવાની ફરિયાદો વચ્ચે વરસાદને કારણે આ માટી

વધુ ભીની થઈ જતાં માર્ગ ઉપર લપસણો માહોલ સર્જાયો છે. જેના કારણે ખાસ કરીને બાઈક અને ટુ-વ્હીલર ચાલકોને વાહન ચલાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

વાહનચાલકો દ્વારા સંબંધિત તંત્ર સમક્ષ રોડ ઉપર પથરાયેલી માટી-કાદવ તાત્કાલિક દૂર કરાવી માર્ગને વાહનચાલકો માટે સુરક્ષિત બનાવવાની માંગ ઉઠી છે. વાહન ચાલકો ના જણાવ્યા મુજબ, જો સમયસર રસ્તાની સફાઈ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વાહનચાલકો માટે વધુ મુશ્કેલી ઊભી થઈ શકે એમ છે. ત્યારે સંબંધિત વિભાગ દ્વારા સ્થળની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે.

સિદ્ધિવિનાયક હોમ્સમાં LCBની રેડ, પાંચ જુગારી ઝડપાયા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. ૮

શ્રાવણ શરૂ થતા પહેલા જ શકુનીઓએ જુગાર શરૂ કરી દીધો છે. જોકે ટેકનોલોજીની મદદથી ઓનલાઈન આઈડી થી જુગાર રમી રમાડતા હોવાની બાતમી વડોદરા ગ્રામ્ય એલસીબી ને મળતા વાઘોડિયાના કમલાપુરા ગામે સિદ્ધિવિનાયક હોમમાં રેડ કરતા કુલ પાંચ જુગારીઓને મુદ્દા માલ સાથે ઝડપી પાડ્યા હતા, જ્યારે બે ને ફરાર જાહેર કર્યા છે. કમલા નગર સિદ્ધિવિનાયક હોમ તા.વાઘોડિયાના મકાન નં.A 28 રાજુભાઈ અમરતભાઈ વિહોલના ભાડાના મકાનમાં કેટલાક ઈસમો ઓનલાઈન આઈડી થી જુગાર રમતા હોવાની બાતમી વડોદરા ગ્રામ્ય એલસીબીને મળતા પોલીસે બાતમીના આધારે

મકાન પર રેડ કરી હતી. આ રેડ દરમિયાન રાજેશકુમાર ઉર્ફે રાજુ અમરતભાઈ વિહોલ, સંજયસિંગ ચંદનસિંગ કછવાહા, રોહીતભાઈ રમેશભાઈ પ્રજાપતી, રાકેશભાઈ ગોરધનભાઈ મેતલીયા, ગ્યાનસિંગ રામચરણ વર્મા ને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. જ્યારે નિર્મલભાઈ અનીલભાઈ પટેલ, નિકુજ દેવેન્દ્રભાઈ પટેલ રહે. એ-૨ બાલાજી વિહાર ડુપ્લેક્ષ સોમા તલાવ વડોદરા શહેર ને ફરાર જાહેર કર્યા છે.

વીજ કંપનીની બેદરકારીના કારણે પશુના મોતનો આક્ષેપ , માલિકને વળતર ચૂકવવાની ખેડૂતોની માંગ

ખાંડીયા અમાદર ગામે વીજ કરંટ લાગતા પાડીનું મોત, વીજ કંપની સામે ગ્રામજનોમાં રોષ

જોખમી વીજ વાયરો દૂર કરી સમારકામ કરવાની માંગ

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.૮

જેતપુરપાવી તાલુકાના ખાંડીયા અમાદર ગામે વીજ કરંટ લાગવાથી ત્રણ વર્ષથી વધુ ઉંમરની એક પાડીનું મોત થતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. વીજ કંપનીની બેદરકારીને કારણે આ ઘટના બની હોવાનો આક્ષેપ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહ્યો છે. મળતી માહિતી મુજબ, ગામમાં

વીજ લાઈનના વાયરોના કારણે પાડી વીજ કરંટની ઝપેટમાં આવી હતી, જેના પગલે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પશુના મોતને પગલે પશુ માલિકને મોટું આર્થિક નુકસાન થયું છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ખાંડીયા અમાદર ગામમાં અગાઉ પણ વીજ વાયરોના કારણે આગ લાગવાની ઘટના બની ચૂકી છે. તેમ છતાં વીજ કંપની દ્વારા વીજ લાઈન અને વાયરો અંગે યોગ્ય તકેદારી લેવામાં આવતી ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પાડીના મોત બાદ ખેડૂતો અને ગ્રામજનોએ વીજ કંપની સામે રોષ વ્યક્ત કરી પશુ માલિકને યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરી છે. સાથે જ ગામમાં જોખમી બનેલા વીજ વાયરોની તાત્કાલિક તપાસ કરી જરૂરી સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. હવે વીજ કંપની દ્વારા આ મામલે શું કાર્યવાહી કરવામાં આવે છે અને પશુ માલિકને વળતર મળે છે કે કેમ તે જોવું રહ્યું.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

નોકરી વિષયક

વેસુમાં
બેટરીના કામ માટે સ્ટાફ/ માનસોની જરૂર છે 9723020077 (241)

જોઈએ છે
મીકેનીકલ /ડિપ્લો. એન્જીનીયર ફેબ્રીકેશનનાં સુપરવિઝનનાં કામ માટે રૂબરૂ મળો મંગળવારથી શનિવાર 12થી 5-30 દરમિયાન મેટ્રો સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ બી-244, રોડ-6 ડી, નવી વસાહત ઉદ્યોગનગર, ઉધના

જોઈએ છે
૨ થી ૩ વર્ષના અનુભવી સિવિલ ડ્રાફ્ટમેન અનુભવી ઓટોકેડના જાણકાર તથા ફીલ્ડવર્ક માટે મો.- ૮૭૮૦૮૧૮૮૭૦ (250)

વાહન લે-વેચ

કંપનીની સાદી,
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

મિલ્કત ભાડેથી

રહેઠાણ, ગોડાઉન
લાયક જગ્યા ભાડે આપવાની છે: ગ્રા.ફ. ઉધના દરવાજા પાસે ખટોદરા કોલોની 9586264064

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

રેમન્ડ 3 પેન્ટપીસ
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

મિલ્કત વેચવાની છે

સુરત ડાયમંડ બુર્સ
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

વકીલ, CA,
આર્કીટેક, ટ્રાવેલ્સ વગેરે લાયક ઓફિસ વેચવાની છે પાર્લે પોઈન્ટ મેઈન રોડ 9879276073

નવસારી શહેરના
તાલુકા જલાલપોરના મોજે ગામ દિપલામાં આવેલ ગ્રીન ઓશનવે રેસીડેન્સીયલમાં પ્લોટ સસ્તામાં વેચવાનો 6354771821 (243)

ઓલપાડ સાયણ રોડ
પર આવેલ શિવશક્તિ રેસીડેન્સીયલમાં પ્લોટ ફાયદામાં અરજન્ટ વેચવાનો 6354771821 (244)

વેચવાની છે
રેલ પાણીથી મુક્ત વિસ્તારમાં BUC વાળી જગ્યા બી.જી.પોઈન્ટ, અટક પારડી (કોર્નર) હાઈવે ક્રોસિંગ ઉપર વલસાડ ગ્રાઉન્ડ ફ્લોર, પહેલા, બીજા માળ
98251 25581
98241 11984

5 BHK ફ્લેટ
વેચવાનો 1.72 cr માં વેસુ. 9825463599 (247)

એન્ટિક વસ્તુઓ
વેચવાની છે પાણી ગરમ કરવાનો તાંબાનો બંબો, મુસાફરીમાં પાણી ભરીને લઈ જવાનો પિત્તળનો લોટો, નિકલ-સિલ્વર ચાની કિટલી. Mob: 9408853400

દુકાન વેચવાની
અડાજણમાં પરશુરામ ગાર્ડન સામે 700, સુપર બીલ્ડઅપ 1.75 CR 91576-22115

મરોલી ગામ
તાત્કાલિક પ્લોટ વેચવાનો છે ૯૫૨ વાર (N.A) ટાઈટલ ક્લીયર મો. નં: ૯૯૦૯૦૯૧૮૬૦

1500 વાર
રોડ ટચ પ્લોટ વેચવાનો છે પીપલોદ 9979207575 (248)

2 BHK ફ્લેટ
ભાડે સેન્ટ ઝેવીયર્સ સ્કૂલની પાછળ, ઘોડદોડ રોડ, 9825066154

2 BHK ફ્લેટ
વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં. WhatsApp 9978936979

ફ્લેટ વેચવાનો
દસ્તાવેજ સિંગલ રૂમ કિચન બીજો માળ ૧૨ લાખ સગરામપુરા 8488968543

મિલ્કત ભાડે -વેચાણ

મહિધરપુરા,
હરિપુરા, રામપુરામાં ફ્લેટ, પ્લોટ, મકાન લે- વેચ ભાડે માટે મળો. 9879276073

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

મહાદેવ ટુર
એન્ડ ટ્રાવેલ્સ. (શ્રાવણમાં પાંચ મહાદેવ), (12 મહાદેવ), (કાવી કંબોઈ સ્તંભેશ્વર મહાદેવ, કાયાવરોહણ, નારેશ્વર) (ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર , ધૃષ્ણેશ્વર) (અષ્ટવિનાયક, દગડુ શેઠ ગણપતિ) 7802062340 (249)

શ્રાવણમાં (૧ દિવસ)
કાવી કંબોઈ પાંચ મહાદેવ (૨ દિવસ) ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર, ધૃષ્ણેશ્વર 7801997738

JOY N JOY TRAVELS
2014થી ભુતાન પ્રવાસનું શ્રેષ્ઠ આયોજન સાથે 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ-ડીનર/ જેપેનીઝ કોસ્ટર, દિવસ- 8. તારીખ- 12-11-2026.જાણીતું અનુભવી નામ:- બંકીમ મહેતા. સંપર્ક: 9429507723

ક્ષેત્રપાળ ટુર્સ.
(ભુતાન 07 રાત્રિ/ 08 દિવસ, જતા- આવતા ફ્લાઈટ 09-09) (પાંચ જ્યોર્તિલિંગ, અષ્ટવિનાયક 15-08, 05-09) (કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી 06-09, 12-11) (હૈદરાબાદ મલ્લિકાર્જુન, મદુરાઈ, રામેશ્વર, તિરૂપતિ 14-08) (હૈદરાબાદ રામોજી, શ્રીશૈલમ 13-09, 14-11) (નેપાળ, પોખરા, કાઠમંડુ, મુક્તિનાથ 06-09, 13-11) (વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 27-09)(સ્પેશ્યલ કેરાલા 07-11, 14-11) સુરેશભાઈ પુરોહિત. 9825105053.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.